# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

## કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર જિ.બનાસકાંઠા

**(ISO 9001:2008 Certified)**

**Phone No. : (02742) 257055** **E-mail : bnsdeo@gmail.com**

ક્રમાક :- સીપીએફ/જૂની પેન્શન યોજના/૨૦૨૫/૮૦૨૪ તા. ૨૮/૦૪/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

**વિષય : અધિકારી/કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબત.**

સંદર્ભ :- (૧) નાણા વિભાગનાં તા,૦૮/૧૧/૨૦૨૪ નાં ઠરાવ ક્રમાંક:નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી
(૨) નાણા વિભાગનાં તા. ૧૬/૦૪/૨૦૨૫ નાં ઠરાવ ક્રમાંક:નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી
(3) કમિશનરશ્રી શાળઓની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક: COS/૦૨૯૮/૦૪/૨૦૨૫
APPROVED DATE :૨૩/૦૪/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવાનું કે, નાણા વિભાગનાં તા. ૦૮/૧૧/૨૦૨૪ અને તા. ૧૬/૦૪/૨૦૨૫ ના ઠરાવ ની જોગવાઇ ધ્યાને લઇ જે અધિકારી/ કર્મચારી જૂની પેન્શન યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેવા અધિકારી/ કર્મચારીની માહિતી નીચે મુજબના આધાર પુરાવા સહ રૂબરૂ અત્રેની કચેરીએ બે નકલમાં રજુ કરવાના રહેશે.

- બીડાણમાં (ક્રમ ૧ થી ૧૩ )આધાર પુરાવા ક્રમસર ગોઠવી એક સેટમાં પ્રમાણિત કરી અને (ક્રમ ૧૪ થી ) બે સેટમાં રજુ કરવાના રહેશે. (ફાઇલ નંબર - ૦૧)

  (૧)કર્મચારીની અરજી (૨) જાહેરાતની નકલ (3)એન.ઓ.સી.
  (૪)કામચલાઉ બહાલી (૫) નિમણૂક ઑર્ડર (૬) હાજર રિપોર્ટ
  (૭)કાયમી બહાલી (૮) પુરા પગારનો આદેશ (૯) સળંગ નોકરી આદેશ
  (૧૦)ફાજલ થયાનો હુકમ (૧૧) ડેથ સર્ટી અને સામાન્ય નિયુક્તિ ફોર્મ (મરણના કિસ્સામાં)
  (૧૨)P.P.O. (નિવૃતિના કિસ્સામાં) (૧૩) આચાર્યશ્રીનું પ્રમાણપત્ર(નમુના મુજબનું)

- બીડાણમાં (ક્રમ ૧૪ થી ૧૭)આધાર પુરાવા ક્રમસર ગોઠવી બે સેટમાં પ્રમાણિત કરી રજુ કરવાના રહેશે. (ફાઇલ નંબર - ૦૨)

  (૧૪) બાંહેધરી નમૂનો (પત્રક-ગ) (૧૫) પત્રક- ઘ (૧૬) વિકલ્પ ફોર્મ- A
  (૧૭) સામાન્ય નિયુક્તિ ફોર્મ

ઉપરોક્ત માહિતી સમય મર્યાદાવાળી હોઇ તા. ૧૭/૦૫/૨૦૨૫ સુધીમાં કર્મચારી વાઇઝ અલગ અલગ દરખાસ્ત રજુ કરવાની રહેશે. **માહિતી રજુ ન કરવાના કિસ્સામાં ભવિષ્યમાં સંદર્ભદર્શિત ઠરાવ અન્વયે કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સંપૂર્ણ** જવાબદારી કર્મચારીશ્રી,આચાર્યશ્રી અને શાળા સંચાલક મંડળની અંગત રહેશે

જિલ્લાશિક્ષણાધિકારી,
પાલનપુર, જિ.બનાસકાંઠા

બિડાણ : (૧) આચાર્યશ્રીનું બાંહેધરી પત્રક : ૦૧ અને પત્રક : ૦૨

- નોંધ : પત્રકો ડાઉનલોડ કરવા માટે ઉપર મુજબનો QR Code સ્કેન કરવો OR ક્લીક કરવું.

## **આચાર્યશ્રીનું બાંહેધરી પત્રક - ૦૧**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અત્રેની શાળા.......................................................................માં ફરજ બજાવતા શ્રી/શ્રીમતી.............................................. હોદ્દો ............... ને નાંણા વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઇ મુજબ જૂની પેન્શન યોજનામાં સમાવવા પાત્ર થાય છે. જેની મેં જાતે ચકાસણી કરી સદર દરખાસ્તની મંજુરી માટે આગળની કાર્યવાહી અર્થે મોકલી આપેલ છે.

રાઉન્ડ સીલ　　　　　　　　　　　　　　　　　　　　　　આચાર્યશ્રી/ પ્રમુખ- મંત્રીશ્રી

## **આચાર્યશ્રીનું બાંહેધરી પત્રક - ૦૨**

નાંણા વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઇ મુજબ અત્રેની શાળા ..................................................માં હાલમાં ફરજ બજાવતા, વયનિવૃતિ થયેલ થતા અવસાન થયેલ કર્મચારીઓ પૈકી જૂની પેન્શન યોજનામાં સમાવવા પાત્ર થતા હોય તેવા એકપણ કર્મચારીની દરખાસ્ત રજુ કરવાની બાકી રહેતી નથી જેની શાળાના રેકર્ડ સાથે ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આચાર્યશ્રી/ પ્રમુખ- મંત્રીશ્રી

સ્થળ :

તારીખ :